| |
|---|
| **અગ્રતા ક્રમ : ૩૦**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૬૬**<br>**વિષય: આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ**<br>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અનિરુદ્ધ ભાઈલાલ દવે (માંડવી ) |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રી અનિરુદ્ધ ભાઈલાલ દવે (માંડવી ) |
| પૂરક પ્રશ્ન (૧) : કચ્છ જીલ્લાના સરક્રિક વિસ્તારમાં પ્રવાસનને વેગ મળે તે માટે સરકારશ્રી દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ? જો હા તો તેની વિગત આપો? |

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

નડાબેટ ખાતે સીમા દર્શન ની શરૂઆતથી બનાસકાંઠાના સરહદી વિસ્તારોમાં સર્વાંગીણ વિકાસ જોવા મળી રહેલ છે, પ્રવાસન ઉધોગ ધમધમી રહ્યો છે, નવી નવી રોજગારીની તકો નિર્માણ થઈ રહેલ છે.

નડાબેટ ખાતે આટલો બહોળો પ્રતિસાદ મળતા સરકારશ્રી દ્વારા કચ્છ જીલ્લાના સરક્રિક વિસ્તારમાં સમુદ્રી સીમા દર્શન નો નવતર પ્રયાસ કરવાનું વિચાર્યુ, જેના ભાગરૂપે પ્રવાસન વિભાગ દ્વારા  મેરીટાઇમ બોર્ડ, વન વિભાગ અને બી.એસ.એફના સહયોગથી તા: ૧૬/૦૨/૨૦૨૪ ના રોજ વિધીવત રીતે સમુદ્રી સીમા દર્શન માટે બીએસ એફ ચેક પોસ્ટ લક્કી નાળા પાસે પ્રવાસીઓ માટે બોટિંગની સુવિધા ની શરૂઆત કરવામાં આવેલ છે.

સમુદ્રી સીમા એવા સિરક્રિક વિસ્તારની આસપાસ સમુદ્રી સીમા દર્શન માટે આનુશંગીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કરવા માટે સૈધ્ધાતિક મંજુરી અન્વયે કન્સલ્ટન્ટની નિમણુક કરવામાં આવેલ છે. સમુદ્રી સીમા દર્શન માટે આવનાર પ્રવાસીઓ માટે અંદાજીત રૂ. ૨૫૦ કરોડના ખર્ચે વિકાસના કાર્યો કરવામાં આવનાર છે.

સરકારશ્રી દ્વારા પ્રારંભિક તબ્બકે રૂ.૫૦.૦૦ કરોડની સૈધાંતિક મજુરી આપવામાં આવેલ છે.સદર પ્રથમ તબક્કાની કામગીરી માં નીચે કમ્પોનેન્ટ નીચે મુજબનો સમાવેશ થાય છે.

- ફ્લોટિંગ જેટી
- વોચ ટાવર
- મરીન ઈન્ટરપીટીસન સેન્ટર
- મેન્ગ્રું વોક
- ફૂડ કિઓસ્ક

- ઈન્ફોર્મેશન સેન્ટર  કન્વેશન સેન્ટર,
- પબ્લિક યુટિલિટીપ્રાથમિક આરોગ્ય સારવાર,
- હેલીપેડ
- ભૂંગા રિસોર્ટ
- એડવેન્ચર પાર્ક
- નેચર ટ્રેઈલસ

**અગ્રતા ક્રમ : ૩૦**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૬૬**

**વિષય: આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અનિરુદ્દ્ધ ભાઈલાલ દવે (માંડવી )**

પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી અનિકેતભાઈ ઠાકોર (પાલનપુર)

પૂરક પ્રશ્ન(૨) સીમા દર્શન પ્રોજેક્ટ, નડાબેટ અંતર્ગત ઓપરેશન & મેન્ટેનન્સ માં ક્યા પ્રકારની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે? અને ઉપરોક્ત ઓપરેશન & મેન્ટેનન્સની કામગીરીમાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ:

માન.અધ્યક્ષશ્રી

સીમા દર્શન નડાબેટ ખાતે ઓપરેશન & મેન્ટેનન્સની કામગીરી કરવા સારું પારદર્શક ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી એજન્સીની પસંદગી કરવામાં આવેલ છે. અને ઉપરોક્ત પસંદગી પામેલ એજન્સી દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

- નડાબેટ સીમા દર્શન પ્રોજેક્ટનું માર્કેટિંગ અને પ્રમોશન કરવું
- વિવિધ પ્રકારની એડવેન્ચર એક્ટિવિટી હાથ ધરવી
- અલગ અલગ પ્રકારના ઈવેન્ટનું આયોજન કરવું
- સમગ્ર પ્રિમાઈસિસ ની અંદર સુવ્યવસ્થિત સિક્યોરિટી રાખવી.
- સાફ સફાઈ માટે જરૂરી હાઉસ કીપીંગની વ્યવસ્થા કરવી

- નડાબેટ ખાતે થી 0 (જીરો) પોઈન્ટ પ્રવાસીઓને અવર-જવર માટે જરૂરી ટ્રાન્સપોટેશનની વ્યવસ્થા કરવી
- સમયાંતરે મરામતની કામગીરી કરવી
- જરૂરિયાત મુજબનું માનવબળ પૂરું પાડવાની કામગીરી કરવી
- બ્રાન્ડેડ શોપ ઉચ્ચ ગુણવત્તાવાળી ખાણી-પીણીની અને અન્ય સંલગ્ન વ્યવસ્થાઓ કરવી.

સીમાદર્શન પ્રોજેક્ટ-નડાબેટ ના સંચાલન તેમજ જાળવણી અર્થે છેલ્લા ૨ વર્ષમાં નીચે મુજબ નો ખર્ચ થયેલ છે :

૧. વર્ષ ૨૦૨૨: ૯,૪૮,૬૩,૨૩૫ /-
૨. વર્ષ ૨૦૨૩: ૬,૫૪,૧૩,૧૦૯ /-

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૩૦**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૬૬**<br>**વિષય: આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ**<br>**પ્રશ્ન  પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અનિરુદ્ધ ભાઈલાલ દવે (માંડવી )** |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) |
| પૂરક પ્રશ્ન (૩) નડાબેટ ખાતે પ્રવાસન નિગમ દ્વારા કઈ-કઈ કામગીરી કરવામાં આવેલ છે? તેમજ તેમાં કેટલો ખર્ચ થયેલ છે? |
| જવાબ:<br>**માન.અધ્યક્ષશ્રી**<br>ગુજરાત સરકારની બોર્ડર ટુરીઝમ યોજના અન્વયે નડાબેટ ખાતે સીમા દર્શન અંતર્ગત નીચે મુજબની પ્રવાસી સુવિધાના વિકાસની કામગીરી હાથ ધરેલ છે.<br><br>➔ ફેઝ-૧ અંતર્ગત આગમન પ્લાઝા,  પાર્કિંગ, ઓડિટોરિયમ, દુકાનો (૨૨ નંગ ) |

તેમજ આઉટર ડેવલપમેન્ટ વગેરે કામગીરી કુલ રૂ. ૨૨૮૩.૯૫ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

- ફેઝ-૨ અંતર્ગત અજય પ્રહેરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ,અપ્રોચ રોડ, સરદ ગાથા મ્યુઝીયમ, એર ક્રાફ્ટ પ્લેટફોર્મ, BSF બેરેક વગેરે કામગીરી કુલ રૂ. ૩૨૦૩.૯૩ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

ફેઝ-૩ અંતર્ગત એક્ઝિબિશન હૉલ નું ફર્નિચર કામ, આગમન પ્લાઝા માં ફર્નિચર કામ, ઓડિટોરિયમનું સાઉન્ડ પ્રૂફ એકોસ્ટીક વર્ક અને ફર્નિચર, CCTV કેમેરા અને પબ્લિક એનાઉસમેન્ટ સીસ્ટમ વગેરે કામગીરી કુલ રૂ. ૪૩૪.૪૧ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

➔ ફેઝ -૪ અંતર્ગત સેન્ટ્રલાઈઝ એસી, 3D ગેમ ઝોન,ભારત મા જુદી-જુદી સરહદ

દર્શાવતા કલ્પચર ,લાઈટીંગ  વગેરે કામગીરી કુલ રૂ. ૧૭૫૨.૩૦ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે તથા તેના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થીતીએ રૂ.૨૧૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

તદુપરાંત સીમા દર્શન પ્રોજેક્ટ જુદા જુદા વિભાગને ફાળવામાં આવેલ ગ્રાન્ટ સહીત સીમા દર્શન પ્રોજેક્ટ કુલ ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરેલ છે.